Process Safety Beacon
Messages for Manufacturing Personnel
www.aiche.org/ccps/process-safety-beacon

An AIChE Technology Alliance
CCPS
Center for Chemical Process Safety
aiche.org/ccps

This issue sponsored by
ioMosaic®
Minimizing risk. Maximizing potential.®
www.iomosaic.com

# આંતરરાષ્ટ્રીય પ્રોસેસ સલામતી સપ્તાહની જાહેરાત!!

નવેમ્બર -૨૦૨૪




વિશ્વભરના પ્રોસેસ સેફ્ટી સમુદાયો સાથે મળીને 2-6 ડિસેમ્બર 2024 ના રોજ પહેલું આંતરરાષ્ટ્રીય પ્રોસેસ સલામતી સપ્તાહ [IPSW] પ્રસ્તુત કરવા માટે કામ કરી રહ્યા છે. પ્રોસેસ સુરક્ષા ને સતત તકેદારીની જરૂર છે. IPSW નો હેતુ આ તકેદારીને પ્રોત્સાહન આપવા અને ભૂતકાળની નોંધપાત્ર ઘટનાઓ અને તેમાંથી શીખેલા બોધની યાદ અપાવવાનો છે. IPSW "પ્રક્રિયા સલામતી અકસ્માતો વિનાની દુનિયા" હાંસલ કરવા માટે અમારા વિચારો અને સતત સુધારણા માટેની પ્રતિબદ્ધતાને એકીકૃત કરવામાં મદદ કરશે.

અમે CCPS પ્રોસેસ સેફ્ટી બીકનના તમામ વાચકો અને અન્ય લોકોને આ અનોખી ઓનલાઈન ઈવેન્ટ માટે નોંધણી કરાવવા વિનંતી કરીએ છીએ. આ ઇવેન્ટમાં પ્રવેશ મફત છે, પરંતુ નોંધણી જરૂરી છે. નીચેનો QR કોડ તમને રજીસ્ટ્રેશન પેઈજ પર લઈ જશે. આ આપણા બધા માટે આપણાં ભૂતકાળના શિક્ષણને વાગોળવા નો અને પ્રક્રિયા સલામતીના લાભ માટે સાથે મળીને કામ કરવા માટે પ્રતિબદ્ધ થવાની આ એક શ્રેષ્ઠ તક છે. આ એક સહિયારો પ્રયાસ છે જે આપણે બધાને શીખવા અને સુધરવા માટે પ્રેરિત કરશે . જોખમી કામગીરીના પરિણામોથી સમાજને બચાવવા માટે સાથે મળીને કામ કરવું એ પહેલા કરતાં વધુ મહત્વનું છે.

REGISTER HERE

## શું તમે જાણો છો ?

- CCPS અને અન્ય પ્રક્રિયા સલામતી સંસ્થાઓ 2-6 ડિસેમ્બર, 2024 ના રોજ ઇન્ટરનેશનલ પ્રોસેસ સેફ્ટી વીક (IPSW) દરમિયાન શીખવાની એક સપ્તાહની તકો પૂરી પાડે છે. લિંક: www.aiche.org/ccps/ipsw
- આ સપ્તાહનો ઉદ્દેશ પ્રોસેસ સુરક્ષાના મહત્વને અને જ્યારે પ્રોસેસ સુરક્ષાનો યોગ્ય રીતે ઉપયોગ ન કરવામાં આવે ત્યારે શું થાય છે તે યાદ કરાવવા નો છે.
- ઘણી કંપનીઓએ નોંધપાત્ર અકસ્માતોઓનો અનુભવ કર્યો છે જેણે તેમની કામગીરી બદલી છે અને તેમની સંસ્કૃતિને પ્રભાવિત કરી છે. કદાચ તમારી કંપનીમાં આમાંથી એક અથવા વધુ અકસ્માતો ઘટિત થયા હોય શકે. તમારી કંપની પાસે કેટલીક નીતિઓ અથવા પદ્ધતિઓ હોઈ શકે છે જેનો હેતુ આવી ઘટનાનું પુનરાવર્તન થતું રોકવાનું હોઈ શકે છે.
- પ્રોસેસ સલામતીની ઘટનાઓ તમામ કદની કંપનીઓમાં અને એવી કંપનીઓમાં પણ થાય છે કે જેને "રાસાયણિક ઉત્પાદકો" તરીકે ગણવામાં આવતી નથી જેવી કે ખોરાક અને પલ્પ અને કાગળ બનાવતી કંપનીઓ.
- અકસ્માતની તપાસમાં સિસ્ટમની નિષ્ફળતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેને લીધે અકસ્માત થયો હતો. દરેક અકસ્માતમાં થી એ પાઠ શીખ્યા છે કે જો યોગ્ય રીતે દસ્તાવેજીકરણ અને અમલ કરવામાં આવે તો બીજા અકસ્માતોને અટકાવી શકાય છે.

## તમે શું કરી શકો ?

- તમારા સુપરવાઇઝરને પૂછો કે તમારું યુનિટ IPSW તરફથી કઈ ઇવેન્ટ્સમાં હાજરી આપશે. ઘણી પ્રસ્તુતિઓ અઠવાડિયાની ઇવેન્ટ્સ પછી જોવા માટે ઉપલબ્ધ થશે.
- તમારી કંપનીના ભૂતકાળમાં પ્રોસેસ સુરક્ષાના ગંભીર અકસ્માતો થયા હોય તો તે વિશે તમારા સુપરવાઈઝર અથવા કેટલાક વરિષ્ઠ લોકોને પૂછો કે જેઓ તે વિશે જાણે છે. આવા અકસ્માતોમાંથી લીધેલા બોધપાઠ કંપનીની કામગીરી અને સંસ્કૃતિને આકાર આપે છે. આની ચર્ચા કરવાથી પ્રોસેસ સુરક્ષા શા માટે દૈનિક કામગીરી માટે અનિવાર્ય છે તે માટે પ્રબળ કારણ બની શકે છે.
- ઈન્ટરનેટમાં શોધવા થી ભૂતકાળમાં બનેલા અકસ્માતો માં થી શીખેલા કેટલાક બોધપાઠોને જાણી શકાય છે. એવા ઘણાં રિપોર્ટ છે જે સમીક્ષા કરવા માટે ઉપલબ્ધ છે.
- તમારી કંપની અથવા પડોશી કંપનીઓમાં બનેલાં અકસ્માતો ઉપર તમારા દૈનિક સલામતી સંદેશાઓ દ્વારા ધ્યાન કેન્દ્રિત કરો.

**અમારી સાથે જોડાઓ અને ભવિષ્યમાં પ્રોસેસ સુરક્ષા અકસ્માતોને કેવી રીતે અટકાવવા તે વિશે જાણો.**

©AIChE 2024. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or +1 646-495-1371.